કસ્ટોડિયલ ડેથના બનાવોમાં ઇન્કવેસ્ટ
પંચનામું કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:- જીએચઆર/૧૦૨૦૨૩/૫૭/મા.અ.
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૧૧/૧૨/૨૦૨૩

વંચાણે લીધા:-

(૧) ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: એચઆરસી/૨૦૨૨/ક.ડેથ/૩૭/લીગલ-૧, તા.૧૧/૦૫/૨૦૨૩

આમુખ:

આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંક: (૧)ના ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ, ગાંધીનગરના પત્રથી રાજ્યમાં થતા કસ્ટોડિયલ ડેથ બાબતે સી.આર.પી.સી. કલમ ૧૭૪ મુજબ કરવામાં આવતા ઇન્કવેસ્ટ પંચનામા સંદર્ભે અનુસરવામાં આવતી કાર્યપ્રણાલી સંદર્ભે જરૂરી સૂચનાઓ પરિપત્રિત કરવા સૂચવેલ હતું, જે બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

પરિપત્ર:-

ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ, ગાંધીનગરની ભલામણને ધ્યાને લઇ, સી.આર.પી.સી. કલમ ૧૭૪ મુજબ કરવામાં આવતા, ઇન્કવેસ્ટ પંચનામા સંદર્ભે અનુસરવામાં આવતી કાર્યપ્રણાલી સંદર્ભે નીચે મુજબની સૂચનાઓ આથી પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) કસ્ટોડિયલ ડેથના કિસ્સાઓમાં પંચનામા સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા હાથ ધરવા જરૂરી છે, પરંતુ તે સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા હાથ ધરવામાં આવતા ન હોવાનું અનુભવે જાણવા મળેલ છે. આથી કસ્ટોડિયલ ડેથની બાબતોમાં સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ સિવાય અન્ય કોઈ દ્વારા ઇન્કવેસ્ટ પંચનામા ન કરવામાં આવે તેની ખાસ તકેદારી રાખવાની રહેશે.

(૨) મહિલા કસ્ટોડિયલ ડેથના કિસ્સામાં જ્યારે ઇન્કવેસ્ટ પંચનામું કરવામાં આવે ત્યારે બંને પંચ મહિલાઓ જ રાખવાના રહેશે.

આ સૂચનાઓનું સંબંધિતોએ ચુસ્તપણે પાલન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(સમીર જોષી)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

નકલ રવાના પ્રતિ:-

- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં-૧/૫, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (જેલ), પોલીસ મહાનિદેશક જેલ અને સુધારાત્મક વહીવટની કચેરી, જેલ ભવન, સુભાષબ્રિજ સર્કલ પાસે, અમદાવાદ.
- તમામ કલેક્ટરશ્રીઓ.
- તમામ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીઓ.
- તમામ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રીઓ.
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ.
- તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ.

} By e-mail.

- સેક્શન અધિકારીશ્રી, આઇ.ટી.શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વિભાગની વેબસાઇટ પર પરિપત્ર પ્રસિધ્ધ કરવાની વિનંતીસહ.)
- નાયબ સેક્શન અધિકારી સીલેક્ટ ફાઇલ.
- સીલેક્ટ ફાઇલ.